# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ સ્નેહાલી પટેલ (યુ.એસ.એ.)

**અમેરિકા** દેશમાં ઊછરતાં અમારાં યુવાન દીકરા-દીકરીઓને પ્રભુના ભાવે કેવી રીતે ઉછેરવા ? અમારો અહમ્ બહુ જ મોટો એટલે દીકરા-દીકરી સાથે સ્વભાવની અથડામણ થયા કરે. એકવાર ગુરુદેવ પ.પૂ. શાંતિદાદા સમક્ષ રડી દેવાયું કે, 'ઈચ્છા ન હોવા છતાં ટીનએજ દીકરા પર ગુસ્સો આવી જાય છે. મારો ગુસ્સો કાઢી આપો દાદા !' એના જવાબ રૂપે પ.પૂ. શાંતિદાદાએ એક પ્રાર્થના-આશીર્વાદ મોકલી આપ્યાં. જે વાંચીને સાચી સમજ મળી. એ પ્રાસાદિક આશીર્વાદ પત્ર અત્રે સૌના લાભાર્થે સમાવ્યો છે :

*સ્વામિશ્રીજી*

*હે માતાઓ,*
*તમારાં બાળકો એ પ્રભુની ભેટ માનજો*
*બાળ ઘનશ્યામ...બાલકૃષ્ણનાં જ સ્વરૂપો.. સીતા ને રાધા*
*તેઓને પ્રેમ કરજો... ચોખ્ખો પ્રેમ*
*તેઓની ભૂલની સજા ન કરાય*
*માફ કરી ફરી તે ભૂલ ન કરે તેવી સમજ અપાય*
*તેમાંય ધીરજ ધરવી પડશે*
*એક બે પાંચ દશ પચ્ચીસ વખત માફ કરવા તૈયાર રહેજો*
*તમારા બાળપણને યાદ કરજો*
*સર્વમાં આપણે પ્રભુ જોવાના છે*
*તો બાળકોમાં તો જોવા જ જોઈશે*
*તમે તમારી ઈચ્છા પ્રમાણે તે વર્તે તેવો આગ્રહ ન રાખો*
*તેઓની ઈચ્છાને માન આપજો*
*સ્વતંત્રતા દેજો... હા સ્વછંદ ન બને તે જરૂર જોવું*
*સંસ્કાર દેજો... ગુણ દેજો... ભક્તિ દેજો...*
*તેમાં આગ્રહ રાખજો પણ પ્રેમભીનો*
*તમને ભીડો પડે... અહં ઘવાય તો ક્રોધ ન કરજો*
*ઉદાર દિલે માફ કરજો*
*ગોદમાં લેજો... વ્હાલથી સમજાવજો*
*આવો પ્રેમલ ભક્તિભાવે ઉછેર કરવો તે પ્રભુસેવા છે*
*તે અપેક્ષા રહિતની સેવા છે*
*તેનાથી જ પ્રભુની પ્રસન્નતા મળશે*
*આપ ભક્ત છો... ભક્તના જીવનમાં આ સમજ સહજ હોય*
*તે સમજણેયુક્ત જીવન બનાવજો*
*પ્રભુ પાસે રોજ પ્રાર્થનામાં માગજો*
*સમજ દેવાથી બાળક ન સુધરે... ન માને*
*તો સીધો પ્રભુને પોકાર કરજો*
*પ્રભુ સુધારશે જ તે શ્રદ્ધા રાખજો...!*
*હે પ્રભુ પરમ ! હે બાપા ! હે સાહેબ !*
*સૌ મુકતોને આવી સમજ રાખી જીવવા બળ દો !*

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ.... ૨૩-૦૨-૦૩

જ્યારથી આ આશીર્વાદ પત્ર મળ્યો ત્યારથી રોજ સવારે વાંચીને પછી જ દીકરા-દીકરીને ઊઠાડવા એવો પ્રયત્ન શરૂ કર્યો. ચીરવને સવારે ઊઠવાનું ન ગમે, સ્કૂલે જવાનું મોડું થયું હોય એટલે થોડીવાર પ્રાર્થનાની અસર રહે પછી એના એ જ સ્વભાવ અનુસાર ગુસ્સો આવી જાય. એક દિવસ પ.પૂ. શાંતિદાદાને ફોન કરી પૂછ્યું કે, 'હું એને કંઈ કહું જ નહીં, કહેવાનું બંધ કરી દઉં ?' ત્યારે પ.પૂ. શાંતિદાદાએ જે સૂચન રૂપે આજ્ઞા કરી તે આજ્ઞાએ મારા જીવનમાં બહુ જ મોટું કાર્ય કર્યું છે. પ.પૂ. શાંતિદાદાએ કહ્યું કે, 'બેટા, તું એની મા છો, તને યોગ્ય લાગે તે કહેવાનું પણ, ૧. પ્રેમથી કહેવાનું ૨. કહ્યા પછી તું કહે એમ જ તે કરે એવો આગ્રહ નહીં રાખવાનો ૩. કહ્યા પછી તારે એના માટે પ્રાર્થના કરવાની !' આ સૂચનરૂપી આજ્ઞા જીવનમાં આત્મસાત્ થાય તે માટે પૂ. શાંતિદાદાએ અખંડ પ્રેમ વહાવ્યો, પ્રાર્થના રૂપી બળ પૂર્યાં અને હજી આજે પણ એ આત્મસાત્ કરવાની સાધના મારા પક્ષે ચાલુ જ છે.

આ ભાવ આત્મસાત્ કરવા વળી અમારાં બે બાળકો સાથે કેટલી પ્રૅક્ટિસ થાય ? એટલે પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપી વર્જિનિયાની એક સ્કૂલમાં ૫ થી ૧૨ વર્ષનાં બાળકો સાથે ૧૩ વર્ષ કામ કરવાનો માર્ગ કરી આપ્યો, જેનાથી જરૂરી તાલીમ મળી અને એનાથી વિશેષ યોગી યૂથ કૅમ્પમાં ૫ થી ૮ વર્ષનાં બાળકો સાથે ૨૦-૨૫ વર્ષ સેવામાં જોડ્યાં. સત્સંગી માતા-પિતાનાં દીકરા-દીકરાઓની સેવા આપી કૃતાર્થ કર્યાં.

પ.પૂ. શાંતિદાદાના આશીર્વાદ સાથે પ.પૂ. અશ્વિનદાદા અને પ.પૂ. હર્ષદદાદાના સૂચનરૂપી આજ્ઞાઓ ભળી. એકવાર કાર્યકર્તાઓની મીટિંગ હતી ત્યારે ગુરુદેવ પ.પૂ. અશ્વિનદાદાએ અમને કહ્યું કે, 'આ બાળકોને કેવળ પ્રેમ કરો, કાંઈ શિખવાડવું નથી. એવો પ્રેમ કરો કે, વર્ષોવર્ષ કૅમ્પમાં પાછાં આવે.' ત્યારથી દર વર્ષે શિબિરમાં જતાં પહેલાં પ.પૂ. અશ્વિનદાદાને અચૂક ફોન કરું. પ્રાર્થના એક જ થાય કે, 'કેવળ પ્રેમથી કૅમ્પમાં આવેલાં બાળકોની સેવા થાય. આપની આજ્ઞાનું અનુસંધાન રાખી સેવાઓ થાય.' પ.પૂ. અશ્વિનદાદા - 'જરૂરથી... અમે પ્રાર્થના કરીશું' એમ કહી સાચા અર્થમાં પ્રેમથી બાળકોને પ્રભુનાં માની સેવા કરી શકીએ તેનું બળ પૂરતા ગયા. આજે જે યુવાન દીકરા-દીકરીઓ યોગી યૂથ કૅમ્પમાં આવી મોટાં થયાં છે તે સૌ સાથે એવા પ્રેમથી જોડાઈ ગયાં છીએ કે જેનું શબ્દોમાં વર્ણન કરી શકાય તેમ નથી.

પ.પૂ. હર્ષદદાદાએ એકવાર સૂચન રૂપી આજ્ઞા કરી કે, 'બેટા, આ કૅમ્પમાં એક વર્ષ આવો અને બીજે વર્ષે ન આવો તો બાળકોને જુદા જુદા સંચાલકો સાથે રહેવાનું થાય તેથી સહેજ તકલીફ પડે.' ત્યારે સહેજે જ પ્રાર્થના થઈ કે, 'આપ કૃપા કરો, આશીર્વાદ આપો કે, સેવા કરી શકીએ !' સેવા માંગવાથી કે ઈચ્છાથી નથી મળતી પણ શ્રી ઠાકોરજી મહારાજ અને ગુરુની કૃપાથી આપણાં કલ્યાણ માટે મળે છે. પ.પૂ. હર્ષદદાદાની બીજી આજ્ઞા એ હતી કે, 'આ બાળકો શિબિરમાંથી ઘરે જાય પછી વર્ષ દરમિયાન એમની ખબર કાઢો, એમની સાથે જોડાયેલાં રહો.' તેઓની આજ્ઞાનુસાર આવો પ્રયત્ન કરવાથી જ આ યુવાનપેઢી સાથે પ્રેમના સંબધ બંધાયા. જે મારી વ્યક્તિગત સાધનામાં આશીર્વાદ રૂપ સાબિત થયા છે. મારો ગુસ્સો નીકળી જાય અને ગુરુના-પ્રભુના પ્રેમના વાહક બની શકીએ એટલે બાળકોની સેવા આપી. ૨૫ વર્ષ સુધી જુદી જુદી રીતે બાળકો સાથે જોડી રાખ્યાં તો આજે અક્ષર અને દિવ્યાની સેવા અમારાં દોહિત્ર-દોહિત્રી છે એટલે નહીં, પણ સાચા અર્થમાં મહારાજ અને સાહેબદાદાની ભેટરૂપી અક્ષરમુકતો છે તેવા ભાવ સાથે કરવાનો પ્રયત્ન કરી છીએ તો સુખ-શાંતિ ખૂબ જ છે. અમે અંતરથી ગુરુ મહારાજ સાહેબજી અને સૌ સદ્‌ગુરુ સંતોનાં ઋણી છીએ ને રહીશું ! ◆